बाज खेडावाळ बोधक बावनी.

[धैर्य तथा विद्योतेजक फंडमां नाणां भरवानी विज्ञापना साथे]

બનાવનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

બાલકૃષ્ણ ભોગીલાલ પંડયા. આણંદના.

દોહરો.

વડા જનો વાંચી શકો, આ પુસ્તક જે આપ;
બાલકૃષ્ણ કહે બહુ ગુણી, અર્પણ પાત્ર પ્રતાપ.

નડીઆદ "સત્યસાગર" પ્રેસ.

સંવત ૧૯૪૪— સન ૧૮૮૮

કીમત રૂ.૦—૧—૦

પોસ્ટેજ ૦—૦—૬

शुद्धी पत्रक.

પ્રૂટ.	લીટી.	શું છે.	શું જોઇએ.
૧૦	૧૬	સુધાક	સુધાકર
૧૨	૧૯	મરદતણ	મરદતણા.
૧૫	૨૦	ઉભમાં	ઉભનો
૧૬	૧૩	શોક	શોક્ય
૧૮	૭	પાણવધ	પ્રાણવધ
૨૨	૩	ગુંજે	જેધુ

છપ્પો.

ખંતી ખેડાવાળ, પોથી આ પુરી વાંચો;
મનન કરો મન મધ્ય, ખરો કંઇ લાગે ખાંચો;
ચર્ચા ચલવી ચતુર, ખરો નીરણય ફેલાવો;
સત્ય સુધારો ગ્રહી, મુળ દુઃખનાં મેલાવો;
સિદ્ધાન્ત તમે સુખી થશો, વિપ્રીત રૂઢી વર્જતાં;
કહે બાલકૃષ્ણ સાદા સરળ, નવીન નીયમો સર્જતાં. ૧

३४३५९

(बाज)खेडावाळ बोधक बावनी.

[धैर्य तथा विद्योतेजक फंडमां नाणां
भरवानी विज्ञापना साथे]

બનાવનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

બાલકૃષ્ણ ભોગીલાલ પંડયા. આણંદના.

દોહરો.

વડા જનો વાંચી શકો, આ પુસ્તક જે આપ;
બાલકૃષ્ણ કહે બહુ ગુણી, અર્પણ પાત્ર પ્રતાપ.

નડીઆદ " સત્યસાગર " પ્રેસ.

સંવત ૧૯૪૪— સન ૧૮૮૮

કીમત રૂ.૦—૧—૦

अर्पण पत्रिका.

રા.રાજેશ્રી. વ્યાસ. દામોદર વેણીરામ વતન સોજીત્રા પણ હાલ ધંધાર્થે મુ૦ મદ્રાસ.

આપ અત્રે તથા વિશેષે કરીને દેશાવરમાં સ્વનાત ઉપર સંપુર્ણ મમતા દર્શાવો છો; તથા સમગ્ર જ્ઞાતીને આત્મવત્ માંની તે જ્ઞાતી સમગ્રના સામાન્ય હીતમાં પોતાનું હીત સમજી, હીત કરવા અંતઃકરણથી ઉત્કંઠીત છો; તથા લોક પ્રિયતા સંપાદીત છો; તથા મદ્રાસ જેવા દેશાંતરમાં અને મોટા શહેરમાં આખી ખેડાવાળની નાત વિષે શ્રેષ્ટતા ઉત્પન્ન કરાવનાર છો; તથા રાજ્યકીય અધીકારી વર્ગમાં ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠા ધરાવો છે; તથા આ ગ્રંથ પ્રગટ કરવામાં આપે આદરપૂર્વક આશ્રય અને ઉત્તેજન આપ્યું છે; તથા લક્ષાવધીસ્મૃધી સંપન્ન છતાં વિવેક, દીર્ઘદ્રષ્ટી, ગુણજ્ઞત્વ, દ્રષ્ટી પ્રસંન્નોજ્વલત્વ, ઉદારતા, તથા સ્વમાનજ્ઞેયત્વપુર્વકનીરાભીમાનપણું, વિગેરે શુભ ગુણો સમાપીત છો; તેથી આ ગ્રંથ આપને હું મોટી નમ્રતા અને સ્નેહ પુર્વક અર્પણ કરૂછુ.

આણંદ } બાલકૃષ્ણ વિ. ભોગીલાલ પંડયા

તા.૮-૭-૯૮ રવી } કર્તા

પ્રસ્તાવના.

મને મુળથી કવિતાનો શોખ હોવાથી પ્રસંગોપાત મેં કેટલીક કવિતા બનાવેલી, તે મારા મિત્રો. મી॰ ભોગીલાલ મુળજી દવે, તથા રામચંદ્ર ભવાનીશંકર. સીનીયરને બતલાવવાથી, તેઓએ તેનો લાભ લેઈ મારી કવિત્વ શક્તીને સારૂં ઊત્તેજન આપ્યું છે.

મારી સ્વજ્ઞાતી ખેડાવાળ બ્રાહ્મણોની નાતના સરસ્વતી મહોચ્છવ વખતે નડીયાદમાં ડીસેમ્બર સને ૧૮૮૭ માં નાતની મહા સભા ભરાઇ હતી; તે વખતે મેં " **विद्या विनय ने वित्त नित्य वधोज खेडावाळमां** " એવા પુનરાવર્તક ચોથા ચરણ વાળો હરીગીત છંદ સભાની શેવામાં નીવેદન કરેલો; તે સમજુ સભાસદોને પસંદ પડી વ્યાજબી બુજ દર્શાવી મને સંતોષ ઉપજાવ્યો હતો. વડોદરાના રાજ્યની વકીલાતની પરીક્ષાના અભ્યાસના તાત્કાલીક શ્રમથી હું નીવ્રત થવાથી કેટલીક વિશેષ નવરાશ મળવાથી, અને મારી કવિત્વ શકતીનો લાભ મારી નાતના લોકોને વિશેષ આપવાની મારી સ્વભાવીક ઉત્કંઠા અને મિત્રોત્તેજન હોવાથી, તથા દલપત કાવ્યમાં મેં વચન વિવેક તથા ગમાર બાવની વીગેરે જોવાથી મને ઇચ્છા થવાથી, મેં આ " ખેડાવાળ બોધક બાવની " નામનું લઘુ પુસ્તક બનાવ્યું છે, તેનો લાભ મારા જ્ઞાતી ભાઈઓ લેઈ મને સંતોષ આપશે.

મેં **विद्या महात्म अने ज्ञाती सुधारो** એ વિષે એક ચોપડી બનાવી છે. ઇશ્વર ઈચ્છા હશે તો તે **સરસ્વતી** મહોત્છવ વખતે

છપાશે. આ શિવાય મેં કેટલીક કવિતાઓ બનાવી છે; પણ મારો આ ગ્રંથકાર તરીકે પ્રથમ પ્રયત્ન હોવાથી કંઇ ભુલ હશે તો તે વિદ્વ વર્ગ માફી આપશે. તથા મને સુધારવા સુચના કરશે એમ આશા છે.

આ કવિતાનો ઉપદેશ મિત્રો ખેડાવાળને છે. પણ તેનો લાભ દરેક સખસ લેશે, તો તેમને પણ લાગુ પડી શકશે. તથા જેમ જનમેજય રૂપીએ માત્ર વૈશમપાયનને કહેલી કથા ગમે તે સખસ કહે છે, તથા સાંભળે છે; તો પણ તેમને સરખુંજ ગ્નાન તથા ગંમત મળે છે. તેમજ બધી જાતના વાંણીઆ, પાટીદાર, તથા ભુદેવો, વીગેરે આર્યજનો, તેમને પોતાને માટે પણ કહેલું હોય એમ માને; તો અયોગ્ય કે અગ્રાહ્ય નથી. તથા છેલે દાખલ કરેલી ધૈર્ય વિષેની કવિતા તો સરવેને માટે સામાન્ય છે. તથા વિદ્યોત્તેજક ફંડમાં નાણાં ભરવાની તથા ભેગાં કરવાની વિગ્નાપના તો તે ફંડમાં રકમ ભરનાર, તથા ભરવાને પાત્ર દરેક સ્વગ્નાતી સદ્ગૃહસ્થે ધ્યાનગાં લેવા જેવી છે.

આ પુસ્તકની ઘટતી નકલો મેં મારા ગામમાં તથા બીજા ગામમાં સ્વશક્તાનુસાર વહેંચી છે; તથા બક્ષીસ મોકલી છે. હવે તેવા લાયક ગામના ખેડાવાળની નાતના સંભાવીત ગૃહસ્થો જેઓ સુધારાની પધ્યતીના જાણ અને શકતીમાન તથા ઉત્સાહી સુધારક હોય; તેઓ આ પુસ્તકની ઘટતી પ્રત્યો પોતે ખરીદ કરી તેમના પોતાના તથા બીજા ગામમાં તેનો ઘટીત ફેલાવો કરે, તથા વખતે વખત કરવો જારી રાખે તો તેમને શાબાશી ખરી કે નહીં ? તેનો ખ્યાલ સમજુ વાંચનારેજ કરવો. કેમકે,—

દોહરો.

લોટાના લાણા થકી, લખાણની જે લાણ;
પામર તો નહીં પત કરે, પંડીત કરે પ્રમાણ.

આ ચોપડી ખેડાવાળમાં બધે મફત ન મોકલતાં કીંમત રાખવાનું વિશેષ કારણ એ છે કે વાંચનનો ખરો ઉપયોગ કરનાર તથા કીંમત સમજનારના હાથમાં આ પુસ્તક જાય. કીંમત સમજનારને રૂ. ૦—૧—૦ ભારે નહીં પડે.

રા. રા. વ્યાસ. દામોદર વેણીરામ મદ્રાસના (જેઓ થોડા વખત ઉપર આણંદ આવ્યા હતા) તેમણે, પ્રસંગોપાત આ કવીતા જોયાથી ખેડાવાળ બોધક બાવનીના પ્રત્યેક દોહરા દીઠ રૂ.૦—૧—૦એટલે કુલ ૧૦૨ દોહરાના ૧૦૨ આના ઇનામ તરીકે આપવા ગુણજ્ઞ રૂપે આદરપુર્વક ઇચ્છા જણાવીછે. તથા છપાવવા અને છપાવ્યા પછી આ પુસ્તકની ઘટતી નકલો પોતે મંગાવી લેવા ઈચ્છા બતાવી છે. તેથી તેમનો તથા મારા કુલીન મિત્ર. ભલાશંકર શુભરાય ભટ. સોજીત્રાના (પણ હાલ મદ્રાસના) જેમની મારફત આ પુસ્તક છપાવનું ઉત્તેજન તથા જોગવાઈ મળી છે; તેમનો ઘણોજ ઉપકાર માનુંછું.

મારા માન્યવંતા મેહેરબાનો **રા. સા. દેસાઈભાઈ કાળીદાસ** તથા **રા. સા. છગનલાલ ભુદરજી**નો ન્યાતી સુભેચ્છક રૂપે વારંવાર થતો સર્વોત્કૃષ્ટ ઉપકાર તો પ્રથમથીજ નીવેદન કરૂછુ.

આણંદ.પંડયાનીપોળ
જેઠવીદી.સંવત ૧૯૪૪
જુલાઇ સને ૧૮૮૮

સ્વદેશ ઉત્કર્ષાભીલાશી, સ્વનાત શેવક.
બાળકૃષ્ણ વિ. ભોગીલાલ. પંડયા.
કર્ત્તા.

खेडावाळ बोधक बावनी.

ॐ तत सत परमात्मने नमः

અપાત્ર વીશે.

છપ્પો.

આંખે ઝાઝી ઝાંખ, ચિત્ર ઝીણાં શું દેખે;
ધરથી કાને ધાક, સુર તીનો શા લેખે;
મુખે વદાય ન મંમ, ભવ્ય ભાષણ શું ભાખે;
પાડુ નહીં પલવાય, તેહ હાથી શું રાખે;
ઈલાયચી શા ઉપયોગની, બંટી પણ બેળે દળે;
કવિતા તેને શા કામની, મુળમાં અક્કલ નવ મળે. 1

આવે ચંદન કાષ્ટ, ભીલને ભાખર કરવા;
હાથી આવે કામ, ઘોબીને ભારજ ધરવા;
માત્ર ભરાવે નીર, નપુંશક પદ્મણી પાસે;
ચરવી નાગર વેલ, ઢોરને ઘાસજ ભાસે;
વળી શાલ આવે સંન્યાશીને, કામળી કેરા કામમાં;
કહે બાલકૃષ્ણ ત્યમ કવિતની, કીંમત થાય કુઠામમાં. 2

अपात्र पात्र जन प्रति कथन परीणाम.

કુંડળીઓ.

શીખ દીધી એક સુઘરીએ, વાનરને કોઇ વાર;
કુપ સમીપ જોઈ ધ્રુજતો, આણી દયા અપાર;
આણી દયા અપાર, કહે સાધન છે તારે;
" મિત્ર તું માળો બાંધ, રહે નહીં દુઃખ લગારે; "
જો અશક્ત હું પક્ષીને, માળાથી સુખ નવ નીધી;
બાલકૃષ્ણ કહે એમ, શીખ સુઘરીએ દીધી. ૧
વળતી બોલ્યો વાંદરો, આણી ઉર અભીમાન;
અક્કલહીણ તું આંધળી, સુઘરી તને ન સાન;
સુઘરી તને ન સાન, અસંમ્રથ બાંધે માળો;
સમર્થ તોડે આમ, કહી કીધો કુદકારો;
" અમને શીખ દેનાર, તુંજ થા અહીંથી ટળતી; "
બાલકૃષ્ણ સુણી બોધ, વાંદરો બોલ્યો વળતી. ૨
અભીમાની અક્કલહીણા, વળી અદેખા જેહ;
બોધક આ સુણી બાવની, સાર ન લેશે તેહ;
સાર ન લેશે તેહ, ઉલટો અવગુણ લાવે;
જુઓ સુધાક બની, શીખ અમને સમજાવે;
સ્નેહી મિત્ર સુપાત્ર, સાર લો મનમાં માની;
બાલકૃષ્ણ નથી અરથ, અદેખા ને અભીમાની. ૩

વો'રી શીખ એક વાણીએ, " વિચારી કરવું કામ; "
કોઈક દીન ગણી કામની, દીધા ઘટતા દામ;
દીધા ઘટતા દામ, શીખ સુવા સ્થળ ચોડી;
વળતી ગયો વિદેશ, વરસ ત્યાં વીત્યાં કોડી;
આવ્યો કરી અભીલાખ, નીરખુ ઘર ચરચા ચોરી;
બાલકૃષ્ણ કહે પ્રથમ, શીખ જે શેઠે વો'રી. ૪
સુત સુતો ત્યાં શેઠનો, પાસે પોઢી માત;
જાર ગણી જુવતી તણો, તરત હણુત તે તાત;
તરત હણુત તે તાત, ખોઈ વંશ પડત મરવું;
દ્રષ્ટે દીઠું વાક્ય, " કામ વિચારી કરવું; "
" એથીજ ઉગર્યો તંન, દ્રવ્ય ઉગ્યું ખરચ્યું તો; "
નહીં તો કહે તે શેઠ, સુત મારત હું સુતો. ૫
એમજ આ બોધક બધાં, વાક્ય વિષે કંઈ માલ;
મનાય જાંણી મરમનાં, ખરો વસે મન ખ્યાલ;
ખરો વસે મન ખ્યાલ, યાદ અંતરમાં રાખે;
યથાયોગ્ય ઉપયોગ, કરે તો શુભ ફળ ચાખે;
સાર ગ્રહી લે સર્વ, પુરો આણીને પ્રેમજ;
બાલકૃષ્ણ કહે બધાં, વાક્ય આ બોધક એમજ.

(बाज) खेडावाळ बोधक बावनी.

દોહરા.

શાંન્તીથી સઉ સિધ કરો, કદી ન ચડાવો કાળ;
એથી સઘળે જીતશો, મિત્રો ખેડાવાળ. ૧

અધર્મ આચરશો નહીં, જપી જગદીશ જપમાળ;
સઘળે સ્થળ સુખી થશો, મિત્રો ખેડાવાળ. ૨

ધીરે ધીરે ડગ ભરો, દો ન સામટી ફાળ;
એથી અખડાશો નહીં, મિત્રો ખેડાવાળ. ૩

શ્રમથી ધન સંગ્રહ કરી, જમો ભાત ને દાળ;
તન દુરસ્ત તેથી થશો, મિત્રો ખેડાવાળ. ૪

પુખ્ત વયે પરણાવજો, કદી ન વરાવો બાળ;
જોરાવર જગમાં થશો, મિત્રો ખેડાવાળ. ૫

વાદ કરો વિધ્યા વિષે, કરો ન કુટ કપાળ;
જ્ઞાનવાન એથી થશો, મિત્રો ખેડાવાળ. ૬

મીઠી વાણી મુખ વદો, ગંદી નવ દો ગાળ;
જગતપ્રિય જલદી થશો, મિત્રો ખેડાવાળ. ૭

લોભી લંપટ નજ થવું, મદાંધ કે મછરાળ;
નમ્ર થવું નિતી ગ્રહી, મિત્રો ખેડાવાળ. ૮

સર્વ સાટી જે લાવશે, જુવતી રૂપ જંજાળ;
પસ્તાતા પછી પેખશો, મિત્રો ખેડાવાળ. ૯

રૂડા સાથ રૂડા થજો, ભુંડા સાથ વિકાળ;
ફાવી શકશો ફંદીને, મિત્રો ખેડાવાળ. ૧૦

મરદ તણુ મિત્રો થજો, કંગાળના કપાળ;
પામરના પાળક થવું, મિત્રો ખેડાવાળ. ૧૧

જ્ઞાતીતણા ગરીબની, ભલી રાખવે ભાળ;
સ્વનાતહીતેચ્છુ[1] થશો, મિત્રો ખેડાવાળ. ૧૨

દુ:ખ કરતા દેખાય તો, ખોદી ઘાલો ખાળ;
પરંપરાની રૂઢીઓ, મિત્રો ખેડાવાળ. ૧૩

મરવાનું છે મનુષ્યને, એક દીન અકાળ;
પાપ થકી માટે ડરો, મિત્રો ખેડાવાળ. ૧૪

પુન્ય વિના પરીવાર કે, મંદીર મેડા માળ;
સાથ ન આવે સ્વર્ગમાં, મિત્રો ખેડાવાળ. ૧૫

વિવેક થકી વિચારીને, તત્વ ગ્રહો તત્કાળ;
બાળકના પણ બોલથી, મિત્રો ખેડાવાળ. ૧૬

સદ્‌ગુણ રૂપી વૃક્ષમાં, દયા મોટું છે ડાળ;
કદી ન તેને કાપશો, મિત્રો ખેડાવાળ. ૧૭

અહોનિશ તજી અન્નને, કરીએ ફકત ફરાળ;
સત્ય તુલ્ય તે તપ નહીં, મિત્રો ખેડાવાળ. ૧૮

સરખાવી સઘળી સ્થીતિ, કરવાં વેવિશાળ;
કદી કજોડાં નહીં થશે, મિત્રો ખેડાવાળ. ૧૯

કુરીવાજને કાઢતાં, હવે ન થવું હડાળ;
સુધરો સરવે સંપથી, મિત્રો ખેડાવાળ. ૨૦

---

૧ આની પુરવણીમાં વિદ્યા-તેજક ફંડમાં મદદ કરવા વિષેની પાછલી કવિતા જુઓ.

કાયટાં આદીક કાર્યમાં, ધીરા ઉતરો હાળ;
પણ મમતે ચડશો નહીં, મિત્રો ખેડાવાળ. ૨૧

ગ્નાતીનું હીત ઇચ્છવે, ભલું કરશે ભૂપાળ;
એવું સમજી શ્રમ કરો, મિત્રો ખેડાવાળ. ૨૨

દાન દીધે શ્રીમંતને, નહીં ઉલાળ ધરાળ;
દાન પાત્ર તો દિન છે, મિત્રો ખેડાવાળ. ૨૩

ધોરી રસ્તો ધૈર્યનો, નજીક ન હીંમત નાળ;
ભુલા પડેથી ભટકશો, મિત્રો ખેડાવાળ. ૨૪

દોષ હોય ત્યાં દાખજો, અમથાં નવ દો આળ;
શ્યામાને સુધારવા, મિત્રો ખેડાવાળ. ૨૫

સદ્વિધ્યાને શીખવ્યે, ધરણીપર ધર્માળ;
પુત્રી તમારી પેખશો, મિત્રો ખેડાવાળ. ૨૬

શિયળવંત શાણી સતી, સદ્ગુણી ને શર્માળ;
સ્ત્રીઓ કરો વિધ્યા દઈ, મિત્રો ખેડાવાળ. ૨૭

કંન્યાનો નથી નાતમાં, દહેવટ પડયો દુકાળ;
ભાવ બધો અધીરાઈનો, મિત્રો ખેડાવાળ. ૨૮

ઊન્નતિની ઈચ્છા કરો, એજ આળપંપાળ;
કંન્યાવિક્રય જ્યાં લગી, મિત્રો ખેડાવાળ. ૨૯

પરનારીની યારી ને, પારધી કેરી જાળ;
મોહ પમાડી મારશે, મિત્રો ખેડાવાળ. ૩૦

મરદ સમીપે માનની, ગંધક આગળ રાળ;
ભય ભડકો ઉઠવા તણો, મિત્રો ખેડાવાળ. ૩૧

પત્નિને પીડો નહીં, મરદ બની મુછાળ;
પાળો તેને પ્રેમથી, મિત્રો ખેડાવાળ. ૩૨

તીરથકી તરૂણીતણી, આંખો જે અણીયાળ;
એના ઘા ઓછા નથી, મિત્રો ખેડાવાળ. ૩૩

પુર્વે પુરૂષો પામતા, સ્વયંવરે વરમાંળ;
સુખદ સમય કેવો હતો, મિત્રો ખેડાવાળ. ૩૪

બાળલગ્ન અટકાવવે, કાંન્તિવાન કમાળ;
સંતતીની વૃધી થશે, મિત્રો ખેડાવાળ. ૩૫

અનીતિ આપ ન શિખશો, લખેશરીના લાલ;
ધન ધુળધાણી નહીં થશે, મિત્રો ખેડાવાળ. ૩૬

ગરીબ તવંગર નીરખીને, સરખું આણો વહાલ;
સમદ્રષ્ટીથી શોભશો, મિત્રો ખેડાવાળ. ૩૭

ઘડી ઘડીએ સંભારજો, ઘડી જેણે ઘટમાળ;
મનુષ્ય દેહની ફરજ એ, મિત્રો ખેડાવાળ. ૩૮

મનુષ્ય દેહ રૂપ કોટમાં, ડા'પણ ભલી દીવાલ;
મનોવ્રતી માંહ રોકજો. મિત્રો ખેડાવાળ. ૩૯

તેણ વિશેષ વધાવવાં, મીઠાં ને મમાળ;
એ ઉપયોગજ જીભમાં, મિત્રો ખેડાવાળ. ૪૦

વિદ્યા ભણતાં પણ રહે, ગુણહીણા ગર્વાળ;
નિચ સ્વભાવી નર ગણો, મિત્રો ખેડાવાળ. ૪૧

સદ્‌ગુણ લક્ષ્મી શૌર્યની, સદા કરો સંભાળ;
બીન તપાસે બગડશે, મિત્રો ખેડાવાળ. ૪૨

સાદી રીતો સંઘરો, દુર કરો દંભાળ;
શ્રૃષ્ટિમાં સુખી થવા, મિત્રો ખેડાવાળ. ૪૩

સુખ દુઃખ સર્વેનું સાંખજો, ધૈર્ય[1] ધરી ધીરજાળ;
ગભરાશો નહીં ગુણી જનો, મિત્રો ખેડાવાળ. ૪૪

પેટ પોતાનું તો ભરે, સ્વાન તથા શિયાળ;
પ્રાક્રમ પરઉપકારમાં, મિત્રો ખેડાવાળ. ૪૫

તનયા તનને મોકલો, નિયમ સહીત નિશાળ;
વિદ્યા વિણ સઉ વાનરાં, મિત્રો ખેડાવાળ. ૪૬

શોક પ્રથમની પત્નિને, ઝાઝી કરતા ઝાળ;
ફરી પરણીને નહીં કરો, મિત્રો ખેડાવાળ. ૪૭

વિચરી દુર વિદેશમાં, કીર્ત્તિ કરો વિશાળ;
ઘરકુકડીઆ નહીં થશો, મિત્રો ખેડાવાળ. ૪૮

સ્વચ્છ રાખજો બાળકો, લુશી લીંટને લાળ;
ગંદાંમાં ન ગણાવશો, મિત્રો ખેડાવાળ. ૪૯

આજીવીકા ત્રણ આપણી, શાળવીને જયમ શાળ;

---

૧ ધૈર્ય વિશે પુરવણીમાં પાછલી કવિતા જુઓ.

કલમ કડછી ને બરછીએ, મિત્રો ખેડાવાળ. ૫૦

સરસ ખુબી આ સ્રષ્ટિની, નજર ઝીણી નીહાળ[1];
અવલોકન શકતી વધે, મિત્રો ખેડાવાળ. ૫૧

આગગાડીના સાથીઓ, તેનો નહીં કંઇ તાલ;
સાવચેતી તેમાં ધરો, મિત્રો ખેડાવાળ. ૫૨

રાજ હોય કદી આપણું, સ્વર્ગ મૃત્યુ પાતાળ;
સુખ નથી સંતોષ સમ, મિત્રો ખેડાવાળ; ૫૩

તો તો તમે થશો નહીં, કૃપણ તથા કંગાળ;
પૈશો જો આપે પ્રભુ, મિત્રો ખેડાવાળ. ૫૪

સઉ ધંધા ઉપયોગના, ગાંચી ને ગોવાળ;
ધંધો નવ ધીક્કારવો, મિત્રો ખેડાવાળ. ૫૫

શિખતાં વિદ્યા વૈદ્યની[2], શેના બનો શુગાળ;
કાયા કો'ની કનકની? મિત્રો ખેડાવાળ. ૫૬

કેવી વિદ્યા વિપ્રમાં, દક્ષિણ ને બંગાળ;
આપણ પણ એવા બનો, મિત્રો ખેડાવાળ. ૫૭

પુસ્તકનો ભંડાર છે, પાટણની પોપાળ;
જુની વિદ્યા જૈનમાં, મિત્રો ખેડાવાળ. ૫૮

સફેદ પટને રંગશો, રંગાય ન રંગાળ;
કાચી વયમાં શિખશો, મિત્રો ખેડાવાળ. ૫૯

---

૧ નીહાળો. ૨ દાકતરની.

સારા ગુણ વાળા સઉ, સજ્જનના સંગાળ;
દુર્જનની દોસ્તી તજો, મિત્રો ખેડાવાળ. ૬૦

સારા નરતા પારખો, દાતા તથા દગાળ;
સઉને સરખા નવ ગણો, મિત્રો ખેડાવાળ. ૬૧

ઈશ્વર સઉનો એક છે, ગૉડ ખુદા ગોપાળ;
ધર્મદ્વેષ માટે તજો, મિત્રો ખેડાવાળ. ૬૨

પ્રસરે ક્યાંથી પાલવધ, પડી રહે પરસાળ;
દુર ગયે દોલત મળે, મિત્રો ખેડાવાળ. ૬૩

ખરૂં દ્રવ્ય આ દેશનું, રૂડી જમીન રસાળ;
લક્ષ દઇ લાયક કરો, મિત્રો ખેડાવાળ. ૬૪

જીવ વિના જોજન ઘણા, વહે યંત્ર વરાળ;
બુદ્ધિથી શું નહીં બને ? મિત્રો ખેડાવાળ. ૬૫

વાવો આંબો વાડીએ, ખાટો કે ખીલાળ;
તો તેવું ફળ પામશો, મિત્રો ખેડાવાળ. ૬૬

પડે પોઢવું પાથરી, પૃથ્વી ઉપર પરાળ;
કોઇક દીન કોચે મળે, મિત્રો ખેડાવાળ. ૬૭

હરદમ જે હરકત કરે, ચોર તથા ચંડાળ;
મરદો તેને મારજો, મિત્રો ખેડાવાળ. ૬૮

પરમેશ્વર પેખ્યો નથી, નથી વધેર્યો નાળ;
નાસ્તીક કે' માટે નથી, મિત્રો ખેડાવાળ. ૬૯

પણ પ્રભુ છે સઉનો પિતા, દિનનો બંધુ દયાળ;
શરણુ ગયાથી સુખ થશે, મિત્રો ખેડાવાળ. ૭૦

ખોતાનામાં[1] બાંધીને, અંગરખાની ચાળ;
ચલવે હોય જો ચતુર નર, મિત્રો ખેડાવાળ. ૭૧

ઊંચે ચઢીને વાંદરો, નરી ભાગશે નાળ;
મુર્ખની સત્તા દુઃખ કરે, મિત્રો ખેડાવાળ. ૭૨

અડચણ ન લહે અન્યની, ઘણીક વખત ગરજાળ;
ગરજ અંધ કદી નહીં બનો, મિત્રો ખેડાવાળ. ૭૩

બુદ્ધિવંતે બાંધવી, પાણી પહેલી પાળ;
મથે પછી તે મુર્ખ છે, મિત્રો ખેડાવાળ. ૭૪

ઘાણી ફરતા બળદને, ઘાલવી ઘુઘરમાળ;
ગજા વિના ત્યમ ગર્જવું, મિત્રો ખેડાવાળ. ૭૫

ઇર્ષાએ અંતર બળે, કે રહે રોજ રીસાળ;
સ્મૃદ્ધિ ન તેને સુખ કરે, મિત્રો ખેડાવાળ. ૭૬

કવિતા લક્ષ દઇ કરો, માત્રા મતલબ તાળ;
જ્યાં ત્યાં કરી ન જોડશો, મિત્રો ખેડાવાળ. ૭૭

બગલાને ઢગલા મળે, હીરા મોતી પ્રવાળ;
મચ્છ તુલ્ય નથી મુલ્યનું, મિત્રો ખેડાવાળ. ૭૮

બ્રાહ્મણ છે બહુ ભાતના, અવદીચ મોઢ રવાળ;

૧ તાત્પર્ય ગમે તેમ નભાવ કરવો.

નિપુણ સર્વથી નાગરો, મિત્રો ખેડાવાળ. ૭૯

અન્ન વિના ઉદ્યમ બધા, અટકે અંતરીયાળ;
અન્નજ મોટો ઇષ્ટ છે, મિત્રો ખેડાવાળ. ૮૦

આપ વિના માબાપની, સસરો કે મોસાળ;
ઉત્તમ શીદ આશા કરે, મિત્રો ખેડાવાળ. ૮૧

બકરાનો બદલો કરે, ડોબુ લેઈ દુધાળ,
એવા પણ "નર" નાતમાં, મિત્રો ખેડાવાળ. ૮૨

માખ કદી મુળો ગળે, ઘોડો થાય ધીયાળ;
તોય ન દ્રઢતા તોડશો, મિત્રો ખેડાવાળ. ૮૩

વડોજ તે છે વાંદરો, પંદર હાથ પુંછાળ;
લાજ ન જેને લોકની, મિત્રો ખેડાવાળ. ૮૪

વિદ્યાવાન પરાક્રમી, પ્રમાણીક પ્રેમાળ;
સોબતીં એવા સોધજો, મિત્રો ખેડાવાળ. ૮૫

લશ્કરમાં લડવા જતાં, સટકે તજી સુરવાળ;
નામ બોળુ તે નરપતિ, મિત્રો ખેડાવાળ. ૮૬

ભાવ ધરીને ભાખરી, ભક્ષ કરે ભુખાળ;
માલ ન તેવો મગસમાં, મિત્રો ખેડાવાળ. ૮૭

અનુભવી જન ઉચરે, દરદ માત્ર દુઃખાળ;
એકકે રોગ રૂડો નથી, મિત્રો ખેડાવાળ. ૮૮

દીવો માને દુઃખ મટે, લોક રચે દીપમાળ;

પણ માને મટતું નથી, મિત્રો ખેડાવાળ. ૮૯

માંસહારી જે માનની, કાળ તુલ્ય[1] કરાળ;
પુજ્ય ન હોય પવીત્રની, મિત્રો ખેડાવાળ. ૯૦

વિદ્ધ બને ક્યમ વિશ્વમાં, ભણ્યા થકીજ ભુલાળ;
યાદ વિના શા અર્થનું, મિત્રો ખેડાવાળ. ૯૧

દુરવ્યસન દેહને કરે, આળસુ ને ઊંઘણશી;
વ્યસન થકી રહો વેગળા, મિત્રો ખેડાવાળ. ૯૨

અલ્પ માત્ર નહીં અર્થનો, વિશેષ જે વાચાળ;
છાની વાત છતી કરે, મિત્રો ખેડાવાળ. ૯૩

ભુત પ્રેતના ભય થકી, વિનતાઓ વહેમાળ;
અજ્ઞાને આ દેશમાં, મિત્રો ખેડાવાળ. ૯૪

અશ્વ ન અતી ઉપયોગનો, લાયક પણ લાતાળ;
કોઇક દીવસ કચ્ચર કરે, મિત્રો ખેડાવાળ. ૯૫

પુર્વે જ્યાં સાગર હતા, હાલ રણો રેતાળ;
અચળ મળે નહીં અહીં કશુ, મિત્રો ખેડાવાળ. ૯૬

વધરા કરવા અર્થ વિણ, તતપર રહી ત્રીકાળ;
પટલાઈ એવી પરહરો, મિત્રો ખેડાવાળ. ૯૭

મિતાહારનો માયનો, ઠેઠ ન ભરવો થાળ;
પચે ન અદકુ પેટમાં, મિત્રો ખેડાવાળ. ૯૮

---

૧ ભયંકર.

પુરણ વશ થઇ પત્નિને, માતા જે માયાળ;
એનો અવજ્ઞા નહીં કરો, મિત્રો ખેડાવાળ ૯૯

પે'રી બુટ ને પાટલુન, ગુંજે ધરી ઘડીયાળ;
શોભા નથી સાહેબ બને, મિત્રો ખેડાવાળ ૧૦૦

તકલીબ વસ્તુ વિલાયતી, રૂપે માત્ર રઢીઆળ;
વિચાર કરીને વહોરજો, મિત્રો ખેડાવાળ. ૧૦૧

બાલકૃષ્ણના બોધમાં, મનાય જો કંઇ માલ;
તો તે નવ વિસારશો, મિત્રો ખેડાવાળ. ૧૦૨

કુંડળીઓ.

પ્રતાપથી પૈસા તણા, પીરસે કોઈ પકવાન
તેડી નઉતમ નાતને, ધરણી પર ધનવાન
ધરણી પર ધનવાન, એમ ઉપકારજ કરશે;
વાળુ વેળા એક અર્થ, અદકો શું સરશે.
પણ જ્ઞાન સહીત ગંમત મળે, આ પુસ્તકથી આપને;
તો સજ્જન સંભારશો, અર્પણ[1] પાત્ર પ્રતાપને.

---

૧ જેને આ ચોપડી અર્પણ કરી છે તે વ્યાસજી દામોદર. તથા અર્પણ પાત્રનો બીજો અર્થ જે ગૃહસ્થ તરફથી આ પુસ્તક ઈનામ વીગેરેમાં મળે તે, તમને અર્પણ કરનાર.

ધૈર્ય વિષે.

સુખ દુઃખનો આપનાર પરમેશ્વર છે.

હરીગીત છંદ.

ઓ મિત્ર રીત વિચિંત્ર છે, આ શ્રૃષ્ટિના કરતારની;
પીછાનવા પુરી રીતે, શકિત ન કોઈ નર નારની;
વિદવાન સંત મહંત કહે છે, આ રીતે નુક્કી કરી;
" સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રી હરી. " ૧

રઘુનાથ જો રાજી હશે તો, સુખ સહેજે આપશે;
કષ્ટો નીવારી કોટીધા, સઘળે સ્થળે સુખી થાપશે;
નહીં આપને રહે આપદા, એવે સમે કહીંએ જરી;
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૨

દુઃખ આપવા પ્રભુ દીલ ધરે તો, દુખ બધેથી પામશો;
નહીં અન્યના આશ્રય વડે તે, દુઃખ દીલગીરી વામશો
ઉપરાંત થઇ એની ઈચ્છા, કહીંએ ન શકશો ઉગરી;
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રી હરી. ૩

મદમાં મચેલા માણસો, નહીં વાત તુર્ત આ માનશે;
અથડાઈ આખર અનુભવે, પાકા થયેથી પ્રમાણશે;
જ્યાં દેખશે નીષ્ફળ ગઇ, બહુ વાત દીલની આદરી;
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રી હરી. ૪

જો મનુષ્યનુંજ કર્યું થાય તો કહો, કોણ દુઃખને ચા'ય છે;
સુખ પામવા જન શ્રૃષ્ટિમાં, સર્વદા દોડયા જાય છે;

સમજણુ મુજબ સંભાળતાં, પણુ ખોટ ખમવાની ખરી;
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રી હરી. ૫
છે પ્રાણીઓનો ધર્મ તેથી, પ્રયત્ન તો કરવો ખરો;
પણુ લાવવાને લાભ માગો, ઇશકેરો આશરો;
ઉદ્યોગના ઉપયોગથી નથી, કાર્યની સિધ્ધી નરી;
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રી હરી. ૬

આવું કર્યાથી આ થયું, વળી આટલી ખામી પડી;
આ ચુક ખાધી આપણે, આ નરથી આ અડચણુ નડી;
ભામા બધા સંસારના, ભમવાથી બેસાશે ઠરી. ?
સુખ દુખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી.

તતબીરથી ન શકાય ટાળી, તે પ્રભુનું નીરગમ્યું;
અંતે થવાનું એટલું જે; ઈશ્વરે હોય આગમ્યું;
કરતાર આગળ કોઈની, નભતી નથી કારીગરી;
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૮
આકાશ ને પાતાળથી. સમુદ્ર સુર્ય શશાંકને;
આધાર મોટો ઈશનો, રાજા અને વળી રાંકને;
યુરોપમાં ને આફ્રીકા, તિબેટ ને વળી તાર્તરી;
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રી હરી. ૯

જો પ્રવીણ પૃથ્વીપતિ પાંડવ, પુરવે પેદા થયા;
ધર્મીષ્ટ ધર્મ અધીક તે પણુ, જુગટે રમવા ગયા;
રે! રાજ્ય પત્નિ દ્રૌપદી, વૈરાટને ત્યાં વૈતરી;!
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૧૦

જે સુંદરી શીતા સમી, પ્રસિધ્ધ પુણ્ય પવિત્ર છે;
એમ સ્વામી તેના રામને પણ, જાણ સર્વ ચરિત્ર છે;
તે રામ રૂડા ન્યાયી તોપણ, પ્રીત તજી ક્યમ પરહરી;
સુખ દુઃખ દાતા સૃષ્ટિમાં, સર્વે જનોને શ્રી હરી. ૧૧

યુરોપ આખો એક વેળા, ગરગડાવ્યો ગર્વથી;
નેપોલીયન નક્કી મનાતો, શૌર્યવંતો સર્વથી;
તે "સેન્ટ હેલીના" મુઓ, કેદી બની ત્યાં કરગરી;
સુખ દુઃખ દાતા સૃષ્ટિમાં, સર્વે જનોને શ્રી હરી. ૧૨

જે શત્રુ આલમગીરને, શિવાજી બહુ હંફાવતો;
શિવાજી ને સંભાજી આગળ, દાવ તોય ન ચાલતો;
આલમગીરે શાહુને દીધા, આંખ ડામ ઉના કરી;
સુખ દુઃખ દાતા સૃષ્ટિમાં, સર્વે જનોને શ્રી હરી. ૧૩

જે રાજકાજની રીત જાણે, રૂડી રજીઆ રાજવી;
દીલ્લીતણે તખ્તે બીરાજી, ન્યાય કરતી વ્યાજવી;
ગુલામશુ ગરબડ કરી, નાશી જવા તે નીસરી;
સુખ દુઃખ દાતા સૃષ્ટિમાં સર્વે જનોને શ્રીહરી. ૧૪

લાયક લડાયક સૈન્ય સાથે, ગર્જતો ગુર્જરપતી;
સીપાઇ ને સરદાર જેના, યુધ્ધ કરનારા અતી;
ભૂવડ તણા ભડ વીર મારી, જે મુઓ જયશિખ્ખરી.!
સુખ દુઃખ દાતા સૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૧૫

બહુ સદ્‌ગુણીને સ્નેહી સઉના, કવી દલપતરામજે,

સ્વદેશની સેવા બજાવે, આપ આડે જામ જે;
પંડીત પરમ પવીત્રની પણ, આંખ ગઈ ઝામર ઝરી!
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૧૬

નળરાય માત્ર ગણાય, નૈષધ દેશ સત્તા જેહની;
શું રૂપને વળી સ્મૃધ્ધિ ઇંદ્રાદિક આગળ એહની;
દમયંતી દેવાલોક તજીને, વિનયથી નળને વરી!
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૧૭

દીલ્લીપતિ સુલતાન અકબર સુત, જહાંગીર જાણીએ;
નૂરજહાં તેની નારીની સ્થિતી, યાદ આપણ આણીયે;
ભીખારીને ઘેર અવતરેલી, સલીમની તે સુંદરી!
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૧૮

ઑનરેબલ ઈસ્ટઇન્ડીઆ કંપની, જેણે મુલક પાધરી ખરીદીઆ;
આ ભરતખંડી ભૂપ મોટા, બન્યા જેના ખંડીઆ;
જે કંપની વેપાર કરતી, મશાલા મરચાં ભરી!
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રી હરી. ૧૯

જસ્ટીસ નાનાભાઇ જે, હરીદાસ સુત હયાત છે;
બાલ્યાઅવસ્થાની સ્થિતી, સુરત વીષે પ્રખ્યાત છે;
જે હાલ જજ હૈકોર્ટના, બહુ વર્ષ કરી બારીસ્ટરી?
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૨૦

જગસેઠજી જીજીભાઈ, મુંબાઈ તણા જે શેઠીઆ;
વળી બાટલીઆ બહુ ગ્રહસ્થ બનીઆ, જે પ્રથમ તો વેઠીઆ;

વિદ્યા વિના જે માણસોએ, લક્ષ લક્ષ્મી સંઘરી ?
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૨૧

ધનવંત ધર્માચાર્ય લાલ, બીહારી જે વડતાલમાં;
ભગવતપ્રસાદ્ અપુત્ર મરશે, વાત કો'ના ખ્યાલમાં;
સુખ સ્મૃદ્ધિ સઘળી ભોગવે તે, ધારણા રૂડી ધરી;
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૨૩

ગુણવંત ગાયકવાડ જે, શિયાજીરાવજી હાલના;
કહો કોણને ઘેર અવતર્યા, તે કર્મવંત કપાળના ?
મહારાજને ઘેર જન્મ પામી, મલાવરાંવ ગયા મરી !
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૨૪

નહીં સરસીફારશ કે ખુશામત, અલ્પ યત્ને યોગ્યતા;
મનમાં ગણી જે સર્ટીફીકટે, માર્ક નીરખી જોઇતા;
જે નીમ્યો સ્પ્રાઈ[1] કલેકટરે, આ કાવ્ય કર્તા નોકરી; ?
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૨૫

આ સરવનો એ સાર છે કે, ધૈર્ય નિશદીન ધારીને;
શાંન્તી ધરી મન સર્વદા, શ્રૃષ્ટિપતિ સંભારીને;
સુખ દુઃખ સરવે સાંખવું, ઈશ્વરની આજ્ઞા અનુસરી;
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૨૬

---

૧ મને ખેડાના કલેકટર સ્પ્રાઈ સાહેબે સને ૧૮૮૫ માં પ્રથ-તલાટીમાં કૈઅજ મીરજાપુર નીમ્યો હતો તે દ્રષ્ટાંત છે.

ઈશ્વર તણી ઇચ્છા મુજબ, સુખ દુઃખ સઉને થાય છે;
પુરૂષ પ્રયત્નો તેહ આગળ, જરૂર ફોગટ જાય છે;
કહે બાલકૃષ્ણ ખુશી રહો, દીલ રાખી આવી ખાતરી;
સુખ દુઃખ દાતા શ્રૃષ્ટિમાં, સર્વે જનોને શ્રીહરી. ૨૭

છપ્પા.

કર્યું મનુષ્યનુંજ થાય, ચંદ્ર સુધી સઉ ચાલે;
કર્યું મનુષ્યનું થાય, ગ્રહોને મંડળ મહાલે;
કર્યું મનુષ્યનું થાય, બધા જન બનશે રાજા;
કર્યું મનુષ્યનુંજ થાય, સદા રહે સઉજન સાજા;
વળી કર્યું મનુષ્યનુંજ થાય તો, કોણ ભીખારી કા'વશે;
કહે બાલકૃષ્ણ સમજી જુઓ, પાલખી સઉ ઉચકાવશે. ૧

કર્યું મનુષ્યનુંજ થાય, બને કયમં બેરા અંધા?
કર્યું મનુષ્યનું થાય, ધરે કયમ નીચા ધંધા?
કર્યું મનુષ્યનું થાય, પન્નીણીઓ સઉ પરણે;
કર્યું મનુષ્યનું થાય, કેમ ફાવી શકે મરણે;
વળી કર્યું મનુષ્યનુંજ થાય તો, જુગતી ઝાઝી જોગવે;
કહે બાલકૃષ્ણ બની બાપડા, ભારે દુઃખ શીદ ભોગવે? ૨

(बाज) खेडावाळ विद्यात्तेजक फंडमां नाणां भरवा विषे विज्ञापना.

ઝુલણા છંદ. (પ્રભાત રાગમાં પણ ગવાશે)

સ્નેહી સઉ સાંભળો લાભશા આપને, ફંડમાં રકમ ભરવાથી થાશે;
યાદ ઉપકાર કરી નામ સંભારીને, ગામ ગામે ઘણા ગુણ ગવાશે;
ચતુર ચિત ચેતજો અન્ય એકકે નથી, આવું કૃત આ વિના તો તમારે;
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ[૧] અહીં વાવરે લાભ ભારે.૧

અસલ બંધાવી આ નાતમાં લાડવા[૨], ધાડવા ઘી તણા વાવરેલા;
પાંચ પુરા હજારેક લગી રૂપીઆ, ખરચ ખાસાજ ખુરદા કરેલા;
યાદ છે આપને? કો' હતા કોણ એ, સ્વપ્નવત્ સાંભરે છે લગારે!
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે. ૨

ખુંબ ભોજન કર્યાં ખાંડ ઘી આદીનાં, શાક તરકારી સાહીત્ય સાથે;
લાલ પીતામ્બરો પે'રી લોટા લઈ, ચુરમાં ચોળીઆં આપ હાથે;
દાળ દુધપાક રસ રોટલી આદીના, આજ છે આપને ઓરકારે?
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે.૩

જપ્પી ઝાઝા કર્યા વરૂણમાં બહુ વર્યા, વિપ્ર વિશેષ વિવેકી થાવા;
નિત્ય નટવાળીઆ પુરણ રીત પાળીઆ, ગામમાં આપના ગુણ ગણાવા;
જમણવારો તથા જાનજોડાં કર્યાં, વેદ પુરૂષો કર્યા વાર વારે!

---

૧. પૈસા. ૨. જે અધવાશી ગ્રહસ્થોએ લાડવા કરેલા તે.

ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે.

લાણું લટકમ કર્યા ખસુસ ખંતી થઇ, ખુબ ખુશી થવા ખાંડ પાઇ;
પાટપર બેસતા લોક બોલાવીઆ, કાર્ય સારે વરી આ કમાઇ;
અન્ય ગામો તણા લોક કયમ માનશે, અલ્પ પણ આપનો ઉપકારે?
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે.૫

સ્નેહી સઉ ઉરમાં આશ છે આપને, નાતમાં સારૂ ને નામ કરવા;
પણ પુરી નજર કરી કામ કરતા નથી, નાતમાં મરદનું બીરદ ધરવા;
શી રીતે આપણે કીર્ત્તિ શકીયે કરી? બાવને ગામકેરા બજારે;
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે.૬

મહત ધનવંત ધીમંત કહી જો હશો, પ્રેમથી પ્રણમવા પાત્ર પોતે;
ફંડમાં નામ આવ્યા વિના શી રીતે, યોગ્યતા સર્વ જાણે કહો તે ?
બેસીને ઘેર બકવા થકી શું થશે, બોહણી બોટી રીતેથી ખારે;
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે.૭

છેક છોટાંજ ગામો તણા જ્ઞાતીજન, જેમનાં કદી નથી નામ જાણ્યાં;
કંઇ ન હીસાબમાં અવની કે આભમાં, એમણે પણ ભર્યાં છેજ નાણાં;
ફક્ત તે ફંડમાં રકમ લખવા થકી, ગરગડે કીર્તિ રૂપી નગારે;
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે ૮

સ્વાર્થે તાકે નર્યો સારૂ થાતુ નથી, જગતકરતારનો નીમ જાણો;
પુરણ કરૂણાળુ થઇ મંન માયાળુ રહી, ગરીબનાં બાળમાં જ્ઞાન આણો;
આપ જેવાતણા પુન્ય પ્રતાપથી, રૂડી રીતે વળગશે રોજગારે;
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે.૯

પુરવ દીધુ હશે તેજ પછી પામશો, દીલમાં દ્રઢ વિશ્વાસ રાખો;
દાન વિદ્યા તણું દેવુ બહુ પુન્ય છે, શાસ્ત્ર સાચી પુરે છેજ સાખો;
ઇશ અહોનિશ જે કર્મ ફળ આપતા, પ્રૌઢ આ પુન્યને કયમ વિસારે;
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે.૧૦

પુત્ર પોતા તણો, પુરી વિદ્યા ભણે, એવી તો દીલ દરેક આશા;
શિખવવા શ્રમ કરે, દ્રવ્ય ખરચે ખરે! જે ભણે ભાઈ અંગ્રેજી ભાષા;
શિઘ્રગ્રાહી અને સદ્‌ગુણો બાળ, કંગાળનાં કઇક ધર્મીજ સુધારે
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે.૧૧

આવી રીતો તણાં ફંડના લાભ બહુ, દેશી જૈનનેય દેખાયલા છે;
લાભ લોકે લહ્યા લક્ષધા તે થકી, ચતુરને ચિત્ત જણાયલા છે;
દાખલા એ વિષે દાખવ્યા છે બહુ, દુનીઆને વિષે દેખનારે;
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે.૧૨

આ બધો બોધ તજી ક્રોધ ગણી કામનો, દામનો યોગ્ય ઉપયોગ કરશો;
"ફંડ હીતેચ્છુ જે વાળ ખેડાતણુ," ભાઇ સઉ ભાવથી રકમ ભરશો;
બાળકૃષ્ણજ કહે મુરબી માહરા, ભેગું ભંડોળ કરશોજ ક્યારે. ?
ખરચ બીજા થકી ખસુસ કરી માનજો, વસુ અહીં વાવરે લાભ ભારે. ૧૩

સમાપ્ત.

जगदीश्वर खेडावाळनी जय करो.

(હવે પછી પ્રગટ થનારા ગ્રંથ)

विद्या महात्म अने ज्ञाती सुधारा ના અપાત્ર જનો !.

છપ્પો.

કયાંથી કૃપણનું કર્મ ? દેહ દાતા દેવરાવે;
ભંગીનું શું ભાગ્ય ? નિત્ય નાપીક નવરાવે;
ગર્ધવનું શું ગજુ ? સાજ સોનેરી પામે;
ભાંડની શી ભલાઇ ? જગત મધ્યે જશ જામે;
કહે બાલકૃષ્ણ ભીખારીને, **ભોજન શું** પકવાનનું;
ત્યમ મતી હીણની મગદુર શી, ગાઢુ સુખ લે જ્ઞાનનું.
ઉઠયાની નહીં આ'ય, દોડીને શું દુર જાયે ?
ગળથુથી ન ગળાય, ચણા શું ચાવી ખાયે ?
છેક ન વસવા છાજુ, બંગલો તે શું બાંધે ?
રાંધી ન શકે રાબ, રસોઇ રૂડી શું રાંધે ?
ઝડ ઝમક અલંકૃતી અર્થની, ચાતુરી શી ચિતમાં લહે;
કહે બાલકૃષ્ણ જાણે નહીં, નામ છંદનું છેક જે. ૨

(**સાહેબ આની પાછલુ પ્રષ્ટ તમે વાંચ્યું ?**)

યોગ લાગે તો આશ્રય આપશો અને અપાવશો !

ઝાહેર ખબર.

આ ઉપરથી સરવે વિદ્ર સદ્‌ગ્રહસ્થોને ખબર કરવામાં આ
છે કે, આ પુસ્તકના કર્તા તરફથી **विद्या महात्म अने ज्ञाती
सुधारो** એ વિષે એક સુંદર કાવ્ય પ્રગટ થનારૂ છે તેની કીંમ
અગાઉથી થનાર ગ્રાહકો પાસેથી માત્ર રૂ. ૦–૩–૦ તથા પોસ્ટેજ
રૂ. ૦–૦–૬ તથા પાછળથી થનાર પાસેથી રૂ. ૦–૪–૦ લેવામ
આવશે. સદરહુ પુસ્તકની યોગ્યતા અને ઉપયોગ વિષે મારે મોં
વખાણ કરવાં, એ મને વ્યાજબી લાગતું નથી. પરંતુ આ પુસ્તક ઉ
પરથી તે કેવું હશે તેનો ખ્યાલ **પાત્ર જનોના** મનમાં ઘણે દરજ્જે
વસશે. ગ્રાહક થવા મરજી હોય તેઓએ આજથી ૨ માસ સુધીમ
કર્તાના સરનામાથી **નામ ઠામ તથા કેટલી પ્રત્યો ખરીદવી**
છે તે લખી મોકલવું. અગાઉથી પૈસા નહીં મોકલનાર તરફ વે
લ્યુપેએબલથી મોકલવામાં આવશે. યોગ્ય ગ્રાહકો થયેથી તરતજ તે
પુસ્તક બહાર પાડવા વિચાર છે. અગાઉથી ગ્રાહક થનારનાં યશસ્વી
અને વંદનીય નામો પુસ્તક સાથેજ બહાર પડશે. પાંચ અને તેથી
વધારે પ્રત મગાવનારનું પોસ્ટેજ કર્તા તરફથી અપાશે.

તા. ૨૨–૭–૯૮ } **બાળકૃષ્ણ ભોગીલાલ પંડયા**
આણંદના.